## ૪.૧૧ નય – નિક્ષેપ– પ્રમાણ અને સ્વાદ્વાવાદ દૃષ્ટિ– વિવાદ અને વિખવાદનો અંત

### સાત નય (નયવાદ)

નય એટલે વિચારની કે વસ્તુઓની અપેક્ષા, અભિપ્રાય, દૃષ્ટિ, અભિગમ કે અપેક્ષા અને નય એ બધા એકાર્થી શબ્દો છે. અપેક્ષાવાદના પાયા ઉપર સ્યાદ્વાદનો મહેલ શોભી રહ્યો છે. 'સ્યાત્' એટલે હોય શકે = અપેક્ષા અને અપેક્ષા એ જ નય.

જેનાથી વસ્તુમાં રહેલા અનેકાનેક ધર્મોમાંથી કોઈ એક ધર્મનો બોધ થાય તે નય, અનેકાંત શૈલીથી કરાતી પ્રરૂપણામાં જે સહાયક છે તે "નયવાદ" છે. જગતમાં જેટલા પણ દ્વંદ્વો છે – નિત્ય–અનિત્ય; નીતિ–અનીતિ વગેરે; જેટલા પણ વિકલ્પો છે તે બધે બધા નયાશ્રિત છે. પ્રમાણથી જાણેલી અનંત ધર્મવાળી વસ્તુના એક ધર્મને મુખ્ય રૂપથી જાણવાવાળા જ્ઞાનને 'નય' કહે છે. અર્થાત્ પદાર્થના અંશને ગ્રહણ કરે તે નય. સ્યાદ્વાદને સમજવા માટે 'નયવાદ'ની વ્યવસ્થા કરાઈ છે. 'નય' શબ્દ 'ની' ધાતુ ઉપરથી બનેલો છે. તે ન્યાય, નીતિ, આચાર, સદ્ગુણ, યોજના, પદ્ધતિ વગેરે અનેક અર્થો બતાવે છે. પણ અહિં જેનો અર્થ 'લઈ જાય' તે – 'નયતિ ઈતિ નયઃ' – ક્યાં લઈ જાય? એકાન્ત તરફ?.. નહીં–નહીં અનેકાન્તાત્મક વસ્તુની તરફ લઈ જાય. પણ કોઈ એક નય તે માટે સક્ષમ નથી. 'નય એવ નયન' નય જ નયનં અર્થાત્ આંખ છે. પણ મનુષ્યને આંખ એક નહિ પણ બે છે, એમ નય પણ મુખ્યત્વે બે છે– 'નિશ્ચય નય'અને 'વ્યવહાર નય'. ઝગડો ત્યારે ઉત્પન્ન થાય કે જ્યારે બન્ને આંખો આપસમાં લડે. જમણી આંખ જમણી બાજુની વસ્તુઓને જુએ. ડાબી આંખ ડાબી બાજુની વસ્તુઓને જુએ... પણ બન્ને આંખો એકસાથે એક સમયે જુએ તો પૂર્ણ સત્ય દેખાય. એમ એકલા નિશ્ચય નય કે એકલા વ્યવહારનયથી દૃષ્ટિથી ન જોતાં બન્નેના સમન્વયપૂર્વક જોવું–જાણવું–ચિંતવવું. નિશ્ચયનયનો અર્થ છે 'આત્મકલ્યાણ'. વ્યવહાર નયનો અર્થ છે 'વિશ્વકલ્યાણ...' સાવધાન! ફક્ત એકલા નિશ્ચયનય–નિશ્ચયનયનું રટણ કરતાં–કરતાં આત્માનું કલ્યાણ નથી જ કરી રહ્યા અને એકલા નિશ્ચયનયના માધ્યમથી આપ ત્રણે કાળમાં વિશ્વ–કલ્યાણ કરી શકવાના નહિ. નિશ્ચયનયના માધ્યમથી પોતાના આત્માનું (સ્વનું) કલ્યાણ થઈ શકે પણ વિશ્વનું (પરનું) ક્યારેય નહિ. ભગવાને પોતાનું કલ્યાણ કર્યું પણ સાથે સાથે 'વિશ્વ'નું પણ કલ્યાણ કર્યું... તો તેઓશ્રીએ કયા માધ્યમથી 'વિશ્વ–કલ્યાણ' કર્યું? સ્પષ્ટ છે... તેઓએ વ્યવહારનયના માધ્યમથી વિશ્વકલ્યાણ કર્યું. યદ્યપિ કેવળી ભગવંતને 'અપગત શ્રુત' માનવામાં આવે છે. છતાં પણ ઉપદેશે દ્વારા, વિશ્વકલ્યાણ કરવા માટે 'દ્રવ્યશ્રુત'નું (દ્વાદશાંગ) આલંબન લેવું પડે છે. ભગવંતો કેવળજ્ઞાનથી જે કાંઈ પ્રરૂપણા કરી તે 'નયવાદ'ના માધ્યમથી તથા નયની એક વ્યાખ્યા એવી કરેલી છે કે

*'સર્વત્રાનન્ત ધર્માધ્યાસિતે વસ્તુનિ એકાંશ ગ્રાહકોબોધો નય ઈતિ'.*

પ્રત્યેક વસ્તુના પદાર્થના અનંત ધર્મ છે અને એ દરેક ધર્મને ગ્રહણ કરનાર એકેક નય ગણાય. એ રીતે અનંત નય થઈ શકે. સંક્ષિપ્તથી સાત નયોનું સ્વરૂપ ઓળખાવાય છે.

જે દૃષ્ટિ વસ્તુની તાત્ત્વિક સ્થિતિ અર્થાત્ વસ્તુના મૂળ મૌલિક સ્વરૂપને સ્પર્શ કરનારી છે તે 'નિશ્ચયનય' અને જે દૃષ્ટિ વસ્તુની સ્થૂળ, બાહ્ય, વર્તમાન અવસ્થા તરફ લક્ષ ખેંચે છેં તે 'વ્યવહારનય' છે. નિશ્ચય એમ બતાવે છે કે આત્મા (જીવ માત્ર) શુદ્ધ, બુદ્ધ, નિરંજન, સચ્ચિદાનંદમય છે. જ્યારે વ્યવહાર નય આત્માને કર્મ બદ્ધ અવસ્થામાં – મોહવાન, અવિદ્યાવાન; નારકી– તિર્યંચ – મનુષ્ય – દેવ; બાળક, યુવાન, વૃદ્ધ, પુરુષ , સ્ત્રી, નપુંસક વગેરે વગેરે બતાવે છે.

જગતમાં અપેક્ષાવાદ વિના વ્યવહાર થઈ શકતો નથી. ભિન્ન ભિન્ન અપેક્ષાથી જ પૂર્ણ સત્ય પમાય છે. જેનાથી લોકમાં વ્યવહાર થાય છે તે અપેક્ષાઓ દર્શાવવા માટે જૈન સિદ્ધાંતમાં સાત નય પ્રસિદ્ધ છે. નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત... એ સાત નય છે. એમાં પહેલા ત્રણ નય 'દ્રવ્યાર્થિક' છે કેમ કે તેની દૃષ્ટિ દ્રવ્ય પર રહે છે. શેષ ચાર નય 'પર્યાયાર્થિક' છે, કારણ કે તેની દૃષ્ટિ પર્યાય ઉપર રહે છે. લોક વ્યવહારમાં આ સાત નયોની ઘણી ઉપયોગિતા છે. સાતમાંથી પહેલા ચાર'અર્થપ્રધાન' છે અને છેલ્લા ત્રણ 'શબ્દ–પ્રધાન' છે.

## (૧) નૈગમ નય (World wide opinion)

*સામાન્યવિશેષાદ્યનેક ધર્મોપરોધ્યવસાયો નૈગમ:।* –જૈન તર્કભાષા

નૈગમ નયની અનેક દૃષ્ટિઓ છે. ગમ એટલે જ્ઞાન અથવા દૃષ્ટિ. 'નિગમ'નો અર્થ છે 'સંકલ્પ' અર્થાત્ સંકલ્પને વિષય કરે. દા.ત. દૂધ લેવા કોણ જાય છે? ત્યારે હું જાઉં છું. એમ બલો પણ હજુ અહીં કોઈ જતું ન હોય પરંતુ જવાનો કેવળ સંકલ્પ જ કર્યો છે. માટે નૈગમનયની અપેક્ષાએ એમ કહેવાય છે કે હું જાઉં છું. નૈગમનય, પદાર્થનુ સ્વરૂપ સામાન્ય, વિશેષ અને ઉભયથી માને છે; ત્રણે કાળ અને ચારેય નિક્ષેપાને માને છે; ધર્મ અને ધર્મી બન્નેને ગ્રહણ કરે છે; વસ્તુના અંશને સંપૂર્ણ વસ્તુ માની લે છે. નૈગમનયના બે ભેદ છે. – દેશગ્રાહી અને 'સર્વગ્રાહી' (દેશપરિપેક્ષી–સર્વપરિપેક્ષી) બીજી અપેક્ષાથી તેના ત્રણ ભેદ મનાય છે અને તે સંકલ્પ–અંશ અને ઉપચારથી વસ્તુને સ્વીકારે છે.

(અ) ભૂત નૈગમનય – ભૂતકાળની વાતનો વર્તમાનમાં સંકલ્પ કરવો. જેમ કે ચૈત્ર સુદ ૧૩ના દિવસે આજે મહાવીર સ્વામીનો જન્મકલ્યાણક દિવસ છે. દિવાળીના દિવસે કહેવું કે આજે ભગવાન મોક્ષે ગયા.

(બ) ભાવિ નૈગમનય – દા.ત. અરિહંત સિદ્ધ (જીવનમુક્ત) જ છે.

(ક) વર્તમાન નૈગમનય – કોઈ કાર્ય શરૂ કર્યું હોય પરંતુ હજુ પૂર્ણ ન થયું હોય તેને પૂર્ણ થઈ ગયું છે તેમ કહેવું. '*કડે માણે કડે*' દા.ત. રસોઈ શરૂ કરતાં જ કહી દેવું કે આજે તો ભાત બનાવ્યા છે. ઘરથી નીકળીને હજુ સ્ટેશને માંડ પહોંચ્યા હોય તોપણ કહેવુ કે ભાઈ, મુંબઈ ગયા છે.

આ ઉપરાંત 'શુદ્ધ નૈગમનય' અને 'અશુદ્ધ નૈગમનય' એમ પણ બે ભેદ છે.

## (૨) સંગ્રહનય (Common Opinion)

*સામાન્ય પ્રતિપાવનપરઃ સંગ્રહ નયઃ।*

એક શબ્દ દ્વારા અનેક પદાર્થોને ગ્રહણ કરે અથવા એક અંશ કે અવયવનું નામ લેવાથી સર્વ ગુણ પર્યાય સહિત વસ્તુને ગ્રહણ કરે તે સંગ્રહ નય. ઉદાહરણ રૂપે શેઠે નોકરને કહ્યું કે ‘દાંતણ લાવ’ તે નોકર ‘દાતણ’ શબ્દ સાંભળીને દાંતણ (મંજન) ઊલિયું, પાણીનો લોટો અને ટુવાલ આદિ બધી વસ્તુઓને લાવે – દાતણમાં બધી સામગ્રીનો સંગ્રહ.

## (૩) વ્યવહારનય (Special Opinion)

jainuniversity.org

*વિશેષપ્રતિપાદનપરો વ્યવહારનયઃ ।*

લૌકિક વ્યવહારને અનુસારે વિભાગ કરવાવાળો નય. જે નય વિશેષ તરફ દૃષ્ટિ કીરેન દરેક વસ્તુને જુદી જુદી માને તે. વ્યવહાર નય. સામાન્યને માનતું નથી પણ વિશેષને જ ગ્રહણ કરે. દા.ત. વ્યવહારથી કાગડો કાળો છે. પરંતુ નિશ્ચયથી કાગડામાં ૫ વર્ણ, ૨ રસ, ૨ ગંધ અને આઠ સ્પર્શ હોય છે. કાગડાનો કાળો રંગ તે લોકવ્યવહારને યોગ્ય હોવાને કારણે તે સત્ રૂપથી પ્રતિપાદન કરાય છે અને શેષનું નહિ. વળી આ નય પ્રાયઃ ઔપચારિકતામાં જ પ્રવૃત્ત થાય છે અને તેના જ્ઞેય વિષય અનેક હોય છે. એટલા માટે તેને ‘વિસ્તૃતાર્થ’ કહેવાય છે, જેવી રીતે આ ઘડો ચૂએ છે. વાસ્તવમાં ઘડામાં રહેલું પાણી ચૂએ છે. વ્યવહારનય બે ભેદ છે. (અ) સામાન્ય – જે સત્ છે તે દ્રવ્ય છે અથવા પર્યાય છે. જે દ્રવ્ય છે તેના જીવાદિ છ ભેદ છે. જે પર્યાય છે તેમાં ગુણોનો પર્યાય યુગપત્ (સહભાગી) છે અને પર્યાય ક્રમબદ્ધ (ક્રમભાવી) છે. (બ) વિશેષ – વિશેષ સંગ્રહનો બે ભેદ કરે છે. દા.ત. જીવના બે ભેદ સંસારીને સિદ્ધ.

## (૪) ઋજુસૂત્ર નય (Present Opinion)

सर्व ज्ञानाय भवतु

*પ્રત્યુત્પન્નગ્રાહી ઋજુસૂત્રોનય વિધિઃ।*

જે વિચાર ભૂત અને ભાવિ કાળને બાજુ પર મુકી માત્રા વર્તમાનને સ્પર્શ કરે તે ઋજુ નય અથવા સૂક્ષ્મ તથા સ્થૂલ પર્યાયમાત્ર જે વર્તમાનમાં છે તેને ગ્રહણ કરે. ભૂત અને ભવિષ્ય કાળના પર્યાયને ગ્રહણ કરતો નથી. જેમ કે, ક્રોધપર્યાય સહિતને ક્રોધી અને કરૂણાભાવ સહિતને ‘દયાવાન’ કહેવું; જેવી રીતે જીવને શાતાવેદનીય આ સમયે વર્તે છે તો આ નય શાતાવેદનીય પ્રધાનરૂપથી વિષય બનાવે પરંતુ અધિકરણરૂપ આત્માને ગૌણ રૂપથી માને. આના બે ભેદ છે. (અ) સૂક્ષ્મ ઋજુસૂત્ર – દા.ત. શબ્દ ક્ષણિક છે. (બ) સ્થૂળ ઋજુસૂત્ર– અનેક સમયની પર્યાયને વર્તમાનમાં ગ્રહણ કરે  દા.ત. સો વર્ષ ઝાઝેરી મનુષ્ય પર્યાય.

## (૫) શબ્દ નય (Opinion of the same meaning Synonyms)

સાંપ્રત શબ્દ નય લિંગ, કાળ, વચન, કારક, સંખ્યા, ઉપસર્ગ આદિના વિરોધરૂપ દોષો ઉપરથી જોતાં જણાય તો પણ વ્યાકરણ કે સાહિત્યના નિયમોની અપેક્ષાએ શબ્દોનો વ્યવહાર કરવો. આ નય ઋજુસૂત્ર દ્વારા અપનાવેલા વર્તમાનને પણ વિશેષ રૂપથી માને. અથવા જે વિચાર શબ્દપ્રધાન બની કેટલાક શાબ્દિક ધર્મોને જ ગ્રહણ કરી અર્થભેદ કલ્પે તે શબ્દ નય. જેમ કે સ્રીને સંસ્કૃતમાં ભાર્યા, દારા, કલત્ર કહે છે. અહીં દારા શબ્દ પુલ્લિંગ છે. અને કલત્ર નપુંસકલિંગ છે, તો પણ બરોબર સમજે. કોઈ મોટા માણસ માટે માનાર્થે બહુવચનનો પ્રયોગ કરવો વગેરે. જે ઋજુસૂત્ર નય લિંગાદિ ભેદ હોવા છતાં તેના વાચ્ય પર્યાયોને એક જ માને છે. પરંતુ શબ્દનય લિંગ, વચન, કાળ, કારકાદિ ભેદથી પર્યાયવાચી શબ્દોમાં પણ અર્થભેદ ગ્રહણ કરે છે. દા.ત. તટ, તટી, તટમ્ આ ત્રણેના અર્થને ભિન્ન ભિન્ન માને.

## (૬) સમભિરૂઢ નય (Root of the Opinion )

*પર્યાયશબ્દેષુ નિરુક્તિભેદેન ભિન્નમર્થં સમભિરોહન્ સમભિરૂઢઃ।*

સમભિરૂઢ નય શબ્દની વ્યુત્પત્તિના આધારે અર્થ ભેદ કલ્પે તે સમભિરૂઢ અર્થાત્ પર્યાયવાચી શબ્દોમાં નિરૂક્તિના ભેદથી ભિન્ન ભિન્ન અર્થને માનવાવાળો આ નય છે. ભિન્ન ભિન્ન શબ્દો દ્વારા જે પદાર્થ (દ્રવ્યનો) વ્યપદેશ કરાતો હોય છે તે પ્રત્યેક ભિન્ન ભિન્ન શબ્દાર્થ વડે યુક્ત તે પદાર્થને જ તે વસ્તુનું સ્વરૂપ જાણે છે. જેમ કે 'ગો' શબ્દનો અર્થ ગાય, પૃથ્વી, આકાશ, નક્ષત્ર, વીજળી, વાણી આદિ છે તોપણ તે ગાયને માટે જ વાપરવો. આ નય એમ માને છે કે જ્યાં શબ્દ ભેદ છે ત્યાં અર્થભેદ અવશ્ય છે જ. શબ્દ નય તો ત્યાં જ અર્થભેદ માને છે કે જ્યાં લિંગાદિનો ભેદ હોય. સમભિરૂઢ નય શબ્દોના પ્રચલિત અર્થોને નહિ પરંતુ તેના મૂળ અર્થોને જ ગ્રહણ કરે છે. અર્થાત્ પ્રત્યેક શબ્દના ભિન્ન-ભિન્ન અર્થ સ્વીકારે છે. શબ્દનયના મતે ઈન્દ્ર, શક્ર અને પુરંદર આ ત્રણે શબ્દોનો એક જ અર્થ માને છે. પરંતુ સમભિરૂઢ નયના મત અનુસાર ત્રણેના ભિન્ન-ભિન્ન અર્થ છે કેમ કે આ ત્રણેની પ્રવૃત્તિના નિમિત્ત ભિન્ન ભિન્ન છે. ઈન્દ્રન (ઐશ્વર્ય ભોગવવું) ક્રિયામાં પરિણત તે 'ઈન્દ્ર'; શકન (સમર્થ હોવું) એ ક્રિયામાં જ્યારે પરિણત હોય ત્યારે 'શુક્ર' અને 'પુરન્દર' (પુર અર્થાત્ નગરોનો નાશ કરવાવાળો) એ ક્રિયામાં પરિણતને 'પુરન્દર' કહે છે. જો એમની પ્રવૃત્તિના ભિન્નભિન્ન નિમિત્તો હોવા છતાં આ ત્રણેનો એક જ અર્થ સ્વીકારીશું તો ઘટ, પટ આદિ શબ્દોના પણ એક જ અર્થ માનવા પડશે. આ પ્રકારે દોષ આવશે માટે પ્રત્યેક શબ્દના ભિન્નભિન્ન અર્થ ગ્રહણ કરવા તે જ યોગ્ય છે.

## (૭) એવંભૂત નય (Opinion in working order)

જે શબ્દનો જે વાસ્તવિક અર્થ હોય અને વર્તમાનમાં તેવી ક્રિયા કરાતી હોય ત્યારે જ ક્રિયા કરનારનો તે શબ્દથી વ્યવહાર કરવો તે એવંભૂત નય છે. દા.ત. વૈદરાજ, જે સમયે વૈદું કરતો હોય ત્યારે જ તેને વૈદ કહેવો અન્યથા નહિ; જેમ કે ઘાતિ-અઘાતિ સવ કર્મના ક્ષયવાળા આત્માને જ પરમાત્મા કહેવાય; જેમ કે ઘડો શબ્દ, ચેષ્ટા અર્થવાળા 'ઘટ' ધાતુથી બનેલો છે. અતઃ અન્યત્ર લઈ જવાતો હોય ત્યારે જ તેને 'ઘટ' – ઘડારૂપે સ્વીકાર કરતો એવંભૂત નય છે. તાત્પર્ય એ જ છે કે એવંભૂત નયમાં ઉપયોગ સહિત ક્રિયાની પ્રધાનતા છે. આ નય એક અંશે પણ અપૂર્ણ વસ્તુનો તથા સ્વરૂપે સ્વીકાર કરતો નથી. આ નયના મત અનુસાર વસ્તુ ત્યારે જ પૂર્ણ કહેવાય જ્યારે તે પોતાના સંપૂર્ણ ગુણોથી યુક્ત હોય અને યથાવત્ ક્રિયા કરતી હોય.

આ સિવાય દ્રવ્યાર્થિક નય અને પર્યાયર્થિક નય, વ્યવહાર નય અને નિશ્ચય નય જ્ઞાનનય–ક્રિયાનય, સુનય–દુર્નય વગેરે પણ વિવક્ષાથી ભેદો રહેલાં છે.

આ રીતે નયવાદમાં જે નય અભિપ્રેત નયથી બીજી દૃષ્ટિઓનો વિરોધ ન કરે તે નય 'સુનય' કહેવાય છે. જો અભિપ્રેત દૃષ્ટિકોણ સિવાયની અન્ય દૃષ્ટિઓનો વિરોધ કરે તો તે એકાંતિક દૃષ્ટિને દુર્નય કહેવાય છે.

## નયના સમૂહરૂપ જિન દર્શન.

જૈન તત્તવજ્ઞાનની પરિભાષામાં 'નયવાદ'ની પરિભાષાનું પણ સ્થાન છે. 'નય' પૂર્ણ સત્યની એક બાજુને જાણનારી દૃષ્ટિનું નામ છે. નયોનું નિરૂપણ એટલે વિચારોનું વર્ગીકરણ. નયોના વિજ્ઞાનમાં સૌથી મહત્વની વસ્તુએ છે કે નયો પ્રમાણના વિભાગરૂપ છે. પ્રમાણ સિદ્ધ પદાર્થ જ નયોના વિષય બને છે. તય નિરૂપણ પ્રમાણની સન્મુખ હોવાથી ખૂબ જ ઉપાદેય ગણાય છે. સપ્ત નયોમાંથી એક ઋજુસૂત્ર નયને અવલંબતા બૌદ્ધમતનો જન્મ થયો. સંગ્રહનયમાંથી વેદાન્ત અને સાંખ્ય મત પ્રગટ થયો. નૈગમનયથી યોગ અને વૈશેષિક મતનો ઉદ્‌ભવ થયો અને શબ્દનયથી શબ્દાદ્વૈત મતનો પ્રાદુર્ભાવ થયો. દરેક દર્શન એકેક નયના અવલંબમાંતથી પ્રગટ થયું. આ બધાથી નયના સમૂહરૂપ જિનદર્શન એ શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજી નયોના મિથ્યાત્વ અને સમ્યક્ત્વનું માધ્યમ આ રીતે બતાવે છે.

શ્રી જૈન શાસન દરેકે દરેક નયવાદને પોતપોતાના સ્થાને સાચા તરીકે ગ્રહણ કરે છે. જૈન શાસ્ત્રોમાં બધા નયોનો પોતપોતાના સ્થાને વિનિયોગ કરવાપૂર્વક બધા નયોને માન્ય રાખવામાં આવ્ય છે. નિશ્ચયથી પરિકર્મિત મતિવાળા, સમ્યગ્‌દૃષ્ટિ આત્માઓને સર્વ નયોને વિશે સુંદર પ્રકારનો માધ્યસ્થભાવ હોય છે. જૈનશાસન એ તો સર્વાંગ સંપૂર્ણ છે. સર્વનયાત્મક છે. સાતે નયો શ્રી જૈનદર્શનમાં છે. કોઈ પણ સાપેક્ષ નયને શ્રી જૈનશાસન અવગણતું નથી તેમ કોઈ પણ નિરપેક્ષ નયને જૈનશાસન સન્માનતું નથી.

jainuniversity.org
સર્વ જ્ઞાનાય ભવતુ

# સાત નયને સમજાવતું દૃષ્ટાંત (સમુચ્ચય)

કોઈએ કોઈને પૂછ્યું કે ભાઈ તમે કયાં રહો છે? ત્યારે તેણે કહ્યું કે હું લોકમાં રહું છું. ત્યારે અશુદ્ધ નૈગમનયવાળો બોલ્યો કે લોક તો ત્રણ છે તેમાં તમે કયા લોકમાં રહો છો? ત્યારે શુદ્ધ નૈગમનયવાળાએ જવાબ આપ્યો કે હું તિર્છા લોકમાં રહું છું વળી પૂછ્યું તિર્છાલોકમાં તો અસંખ્યાત દ્વીપ-સમુદ્ર છે તેમા તમે કયા દ્વીપ-સમુદ્રમાં રહો છો? એણે કહ્યું કે હું જંબૂદ્વીપમાં રહું છું. વળી પૂછ્યું કે જંબુદ્વીપમાં તો ઘણા ક્ષેત્રછે તો તમે કયા ક્ષેત્રમાં રહો છો? ત્યારે વિશુદ્ધ નૈગમનયવાળો બોલ્યો કે હું ભરતક્ષેત્રમાં રહું છું. વળી પૂછ્યું કે ભરતક્ષેત્રમાં છ ખંડ છે, તમે કયા ખંડમાં રહો છો? ત્યારે બોલ્યો કે હું દક્ષિણ ભારતના મધ્યખંડમાં રહું છું. વળી પૂછ્યું મધ્યખંડમાં ઘણા દેશ છે. તમે કયા દેશમાં રહો છો? જવાબ આપ્યો કે હું મગધ દેશમાં રહું છું. વળી પૂછ્યું કે મગધ દેશમાં તો ઘણાં ગામો છે. તમે કયા ગામમાં રહો છો? ત્યારે અતિશુદ્ધ નૈગમ નયવાળો બોલ્યો કે હું રાજગૃહી નગરીમાં રહું છું. વળી પૂછ્યું કે રાજગૃહી નગરીમાં તો ૧૩ પાડા (પરાં) છે તમે કયા પરામાં રહો છો? જવાબ આપ્યો કે હું સામેના ઘરમાં રહું છું. એટલી વાત સાંભળી નૈગમ નયવાળો બોલતો બંધ થયો એટલીવાત સાંભળી સંગ્રહ નયવાળો બોલ્યો કે ઘરમાં તો ઘણા ખંડ છે તો એમ કહો કે હું મારા બિછાના (શૈય્યા) જેટલી જગ્યામાં રહો છો? તો કહો કે મારા શરીરે જેટલા આકાશ પ્રદેશ ગ્રહણ કર્યાં છે, તેટલામાં રહું છું ત્યારે ઋજુસૂત્રનયવાળો બોલ્યો કે શરીરમાં તો હાડ, માંસ, રક્ત, ચામડી, કેશ વગેરે છે. અસંખ્ય સૂક્ષ્મ સ્થાવરકાય, બાદર, વાયુકાય, તથા બેઈન્દ્રિય (કરમીયા) પ્રમુખ ઘણા રહેલા છે. તેટલા માટે એમ કહો કે મારા આત્માએ જેટલા આકાશ પ્રદેશ અવગાહ્યા (ગ્રહણ કર્યા) છે તેમાં હું રહું છું. ત્યારે શબ્દનય વાળો બોલ્યો કે આત્મ-પ્રદેશમાં તો ધર્માસ્તિકાય વગેરે પાંચે અસ્તિકાયના અસંખ્ય પ્રદેશ છે તેથી એમ કહો કે હું મારા સ્વભાવમાં રહું છું ત્યારે સમભિરૂઢ નયવાળો બોલ્યો કે સ્વભાવની પ્રવૃત્તિ તો ક્ષણે ક્ષણે બદલાતી હોય છે માટે એમ કહો કે હું મારા નિજાત્મ ગુણમાં રહું છુ. ત્યારે એવંભૂત નયવાળો બોલ્યો કે નિજાત્મા ગુણમાં તો જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ છે અને જ્ઞાનીઓ કહે છે કે એક સમયે બે સ્થાનમાં ઉપયોગ રહી શકે નહિ માટે એમ જ કહો કે હું મારા શુદ્ધ નિજાત્મ ગુણનો જે સમયે જે ઉપયોગ પ્રવર્તે છે તેમાં રહું છું સાતે નયનું આ દૃષ્ટાંત શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં બતાવ્યું છે.

આ સાતે નયથી વસ્તુઓને માને તે સમકિતી ગણાય. જે એક નયને માને અથવા કોઈ વાતમાં એક નય તાણે અથવા નયને જૂઠો કહે એને મિથ્યાદૃષ્ટિ જાણવો. આ સાતેનય પ્રત્યેક વસ્તુ માટે સ્વતંત્ર અભિપ્રાય દર્શાવે છે. દરેક નયના અભિપ્રાયો ભિન્ન હોવા છતાં પરસ્પર એકઠા મળીને સ્યાદ્‌વાદરૂપી આગમની સેવા કરે છે.

# નિક્ષેપા

ભક્તિસુયુક્તમાર્ગે, યત્ ચતુર્ભેદેન ભવતિ ખલુ સ્થાપનમ્
કાર્યે સતિ નામાદિષુ, સ નિક્ષિપો ભવેત્ સમયે

કોઈ પણ વસ્તુને કાર્ય પ્રસંગે, યુક્તિ–વ્યવહાર સંગત રીતે નામ–સ્થાપના–દ્રવ્ય–ભાવ એવા રૂપમાં રજૂ કરવી તેને શાસ્ત્રોમાં નિક્ષેપ કહ્યો છે.

કોઈ પણ શબ્દનું અર્થ નિરૂપણ કરવું હોય તે નિક્ષેપપૂર્વક કરાય તો જ સ્પષ્ટ રીતે સમજાય. *નિક્ષેપણં નિક્ષેપ:* નિરૂપણ કરવું તે નિક્ષેપ કહેવાય. તે નિક્ષેપ જઘન્યથી ચાર પ્રકારે અને ઉત્કૃષ્ટથી અનેક પ્રકારે છે. નામ, સ્થાપના દ્રવ્ય અને ભાવ એ ચારે દ્વારો વડે જીવાદિ તત્ત્વોનો નામ–નિક્ષેપ થઈ શકે છે. અર્થાત્ નામ આદિ ચાર દ્વારો વડે જીવાદિ તત્તવોનું સ્વરૂપ વિચારી શકાય છે. દરેક વસ્તુ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર સ્વરૂપે અવશ્ય હોય છે.

નામ નિક્ષેપા:

*યદ્ વસ્તુનોમિધાનં સ્થિતમન્યાર્થે તદર્થનિરપેક્ષમ્ ।*
*પર્યાયનભિધેયં ચ નામ યાદચ્છિકં ચ તથા ॥*

સગુણ કુ નિર્ગણ, સચેતન કે અચેતન કે મિશ્ર વસ્તુનું જે નામ રાખવામાં ઓ તે નામ નિક્ષેપ કહેવાય. જો વસ્તુનું નામ જ ન હોય તો વ્યવહાર જ ન ચાલે. જેમ વસ્તુને સાક્ષાત્ જોવાથી તે વસ્તુની ઈચ્છા કે પ્રેમ કે દ્વેષ પ્રગટ થાય છે. આ નામો જીવના કે અજીવના હોઈ શકે.

jainuniversity.org
સર્વ જ્ઞાનાય ભવતુ

સ્થાપના નિક્ષેપા:

*યત્તુ તદર્થવિયુક્તં તદ્દભિપ્રાયેણ યચ્ચ તત્કરણિ ।*
*ભપ્યાદિકર્મ તત્સ્થાપનેતિ ક્રિયતેભ્પકાલં ચ ॥*

સ્થાપના એટલે આકૃતિ કે પ્રતિબંધ કોઈ પણ વસ્તુનું લખેલું ઓળખેલું કે કલ્પના કરેલું રૂપ. વસ્તુની સ્થાપના કે આકૃતિ જોવાની ઈચ્છા કે પ્રેમ કે દ્વેષ પ્રગટે છે. તેથી નામ નિક્ષેપ અને સ્થાપના નિક્ષેપ વસ્તુ સ્વરૂપ છે. ભાવ ઈન્દ્રાદિની સાથે સમાનતા હોય તો તે સાકાર સ્થાપના ને ભાવ ઈન્દ્રદિની સાથે અસમાનતા હોય તો તે નિરાકાર સ્થાપના કહેવાય છે. લાકડાની, પત્થરની, હાથીદાંતની પૂતળીઓ કે પ્રતિમાઓ વગેરે સાકાર સ્થાપના છે. તેમાં પણ શાશ્વત અને અશાશ્વત એમ બે પ્રકારે છે. દેવલોક વગેરેમાં શાશ્વત જિન પ્રતિજ્ઞાઓ હોય છે જયારે અન્ય પ્રતિમાઓ વગેરે અશાશ્વત પણ હોય છે. શંખ વગેરેમાં જે સ્થાપના કરાય છે તે અનાકાર સ્થાપના કહેવાય છે.

દ્રવ્ય નિક્ષેપા :

*ભૂતસ્ય ભાવિની યા ભાવસ્ય હિ કારણં તુ યલ્લોકે ।*

*તદ્દ્રવ્ય તત્ત્વજ્ઞૈઃ સચેતનાચેતનં કથિતમ્ ।।*

જે ચેતન અચેતન ભૂતકાલીન ભાવનું કારણ હોય કે ભવિષ્યકાલીન ભાવનું કારણ હોય તે દ્રવ્યનિક્ષેપ કહેવાય. ભૂતકાલીન પર્યાય અને ભવિષ્યકાલીન પર્યાયનું જે કારણ વર્તમાનમાં હોય તેને દ્રવ્યનિક્ષેપ કહેવાય.

ભાવ નિક્ષેત :

શ્રી અનુયોગ દ્વાર સૂત્રમાં કહ્યું છે કે;

*------- પરિણામસ્ય ભવનં ભાવઃ ।*

વકતાને અભિપ્રેત પરિણામનું થયું તે ભાવ કહેવાય તે વસ્તુની વર્તમાન અવસ્થા તે ભાવ નિક્ષેપ કહેવાય. ઉપરોક્ત ચારેય નિક્ષેપા અરિહંત, તીર્થ કે અધ્યાત્મ ઉપર આ રીતે ઘટાવી શકાય.

નામ અરિહંત : ઋષભ, અજીત, સંભવ, પ્રમુખ એ સર્વે નામ સાર્થક ગુણ નિષ્પન્ન હોવાથી જપનારને કલ્યાણકારી છે. જિનેશ્વર ભગવંતને વંદના કરવાની છે ત્યાં ભગવંતનું નામ બોલવું તે નામ અરિહંત.

સ્થાપના અરિહંત : અરિહંત પરમાત્માની પ્રતિમા થી પ્રતિબિંબ પ્રભુના અદ્ભૂત અનંત ગુણની પ્રતીતિ કરાવવા સમર્થ હોવાથી તે અવશ્ય આરાધના યોગ્ય છે. તે સ્થાપના અરિહંત.

દ્રવ્ય અરિહંત : અતીત અનાગત અને વર્તમાન કાળના અરિહંત પરમાત્માના જીવ દ્રવ્ય-નિક્ષેપ સમજવા.

ભાવ અરિહંતઃ તીર્થંકર ભગવંતને લઈને જ્યાં ભાવ-નિક્ષેપનો વિચાર કરવામાં આવ્યો છે. ત્યાં કહ્યું છે '*સમવસરપત્થા ભાવજિણિંદા*' સમવસરણમાં બિરાજમાન, અષ્ટ પ્રાતિહાર્ય યુક્ત ધર્મ દેશના આપતા તીર્થંકર ભગવંત ભાવ અરિહંત છે.

નામ તીર્થઃ શત્રુંજય, ગીરનાર, અષ્ટાપદ પ્રમુખ તીર્થના નામ તે નામ તીર્થ છે.

સ્થાપના તીર્થઃ તીર્થની રચના, ચિત્ર, નકશો, પ્રમુખ સ્થાપનાતીર્થ સમજવા.

દ્રવ્ય તીર્થઃ તીર્થ સંબંધી કોઈ પણ વસ્તુ યા વિભાગ તે દ્રવ્ય તીર્થ.

ભાવ તીર્થઃ અદ્ભૂત ગુણ યુક્ત સાક્ષાત્ શત્રુંજય આદિ તીર્થ પ્રમુખ તે ભાવતીર્થ.

નામ અધ્યાત્મ:    અધ્યાત્મ એવુ નામ માત્ર તે નામ અધ્યાત્મ.

સ્થાપના અધ્યાત્મ: અધ્યાત્મ એવા અક્ષરવાળું પદ તે સ્થાપના અધ્યાત્મ.

દ્રવ્ય અધ્યાત્મ:    ઉપયોગ શુદ્ધ અધ્યાત્મ જ્ઞાન માત્ર તે દ્રવ્ય અધ્યાત્મ.

ભાવ અધ્યાત્મ:    મોહ–મમત્વ રહિત કેવળ આત્માર્થી પણે આત્મશુદ્ધિને માટે શુદ્ધ કરણી કરવામાં આવે તે ભાવ અધ્યાત્મ કહેવામાં આવે છે.

નામનિક્ષેપ અને સ્થાપના નિક્ષેપમાં ઘણું અંતર છે. પરમાત્માની વિશિષ્ટ કોટિના ભાવ જાગે છે અને ઈચ્છિત લાભો થાય છે. દ્રવ્યનિક્ષેપ અને ભાવનિક્ષેપ એ બે નિક્ષેપા સાપેક્ષ છે. એટલે કે એક જ વસ્તુનો અપેક્ષાએ દ્રવ્યનિક્ષેપમાં અને અપેક્ષાએ ભાવનિક્ષેપમાં સમાવેશ થાય છે. જિનેશ્વર ભગવંતને વંદના કરવાની છે ત્યાં ભગવાનનું નામ બોલવું તે નામ જિનેશ્વર ‘મહાવીર સ્વામી’ બોલવું કે લખવું તે નામ જિનેશ્વર ભગવાન મહાવીરની પ્રતિમાતે સ્થાપના જિનેશ્વર ભાવ જિનેશ્વર પૂર્વની કે પછીની અવસ્થાને દ્રવ્ય જિનેશ્વર કહેવાય. નંદન રાજર્ષિના ભવમાં તીર્થંકર નામ કર્મ બાંધેલું ત્યાંથી માંડીને મહાવીરસ્વામી બેંતાલીસ વર્ષની ઉંમરે કેવળજ્ઞાન પામ્યાં ત્યાં સુધીની અવસ્થા અને અત્યારની સિદ્ધ અવસ્થામાં તે દ્રવ્ય જિનેશ્વર કહેવાય. ભગવાન કેવળજ્ઞાન પામી ભવ્ય જીવોને ઉપદેશ આપવા વિચરતા હોય ત્યારે તેઓ ભાવ જિનેશ્વર કહેવાય. બેંતાલીસ વર્ષથી બોંતેર વર્ષની ઉંમર સુધી ભગવાનરૂપે વિચરવાના કાળ દરમ્યાન તેઓ ભાવ જિનેશ્વર કહેવાય. સીમંધરસ્વામી અત્યારે ભાવ જિનેશ્વર છે. મોક્ષમાં ગયા પછી તેઓ દ્રવ્ય જિનેશ્વર કહેવાશે. અહીં એટલું અવશ્ય જાણવું કે જે વસ્તુ ભાવનિક્ષેપે પૂજ્ય કે ત્યાજ્ય છે તે વસ્તુ અન્ય ત્રણ નિક્ષેપે પણ પૂજ્ય કે ત્યાજ્ય છે.

પરમાત્મા પોતે જે નહીં પરંતુ તેમનું નામ તેમની સ્થાપના (બિંબ) તેમની દાઢા વગેરે દ્રવ્ય પણ પેટલું જ પ્રભાવશાળી હોય છે. નામ, આકૃતિ, દ્રવ્ય અને ભાવ આ ચારેય નિક્ષેપો દ્વારા એ તારકો સર્વક્ષેત્રમાં અને સર્વકાળમાં વિશ્વનાં જીવો પર ઉપકાર કરતા રહે છે. કૈવલ્યની પ્રાપ્તિ પછીના તારકતા નામ આદિ નિક્ષેપાના અરિહંત પરમાત્મામાં છે. વધુ સંખ્યક જીવો પર તો નામાદિ ત્રણ નિક્ષેપાની તારકતા જ કામ કરતી હોય છે. બેંતાલીસથી બોંતેર વર્ષના ગાળાના માત્રા ત્રીસ વર્ષમાં ભાવનિક્ષેપાના પ્રભુ વીર કેટલા આત્માઓને તારી શક્યા? જ્યારે નામાદિ સર્વકાળમાં અનંત આત્માઓને તારી શકે.

# પ્રમાણ

જેનાથી અર્થપદાર્થ સંપૂર્ણ જાણી શકાય તે 'પ્રમાણ'. અને પ્રમાણનું ફળ અજ્ઞાનનું દૂર થવું તે છે. અનેકાંતની પણ એક મર્યાદા છે અને તે અનેકાન્ત પણ પ્રમાણનું અનુસરણ કરે છે. પ્રમાણને માટે બાધક બનવાવાળો અનેકાન્ત સમ્યક્ બની શકતો નથી.

'સ્વ–પર વ્યવસાયિ જ્ઞાનં પ્રમાણમ્' – અર્થાત્ સ્વ–પરનો સાચો નિશ્ચય કરાવનાર જ્ઞાનને 'પ્રમાણ' કહે છે. જ્ઞાન જ પ્રમાણ છે. તે સિવાય ઈન્દ્રિય, મન કે તેના વિષયનો સંયોગ પ્રમાણ નથી. જૈન દર્શન ચાર પ્રમાણનો સ્વીકાર કરે છે.

jainuniversity.org

(૧) <u>પ્રત્યક્ષ પ્રમાણ :</u> જે પ્રમાણ દ્વારા પદાર્થ સ્પષ્ટતાથી એટલે આકારાદિ વિશિષ્ટતાથી જાણે તેને 'પ્રત્યક્ષ – પ્રમાણ' કહે છે. તેના બે ભેદ છે.

(અ) સાંવ્યવહારિક પ્રત્યક્ષ : – ઈન્દ્રિય અને મનની સહાયથી જે વસ્તુ જણાય તેને 'સાંવ્યવહારિક પ્રત્યક્ષ' કહેવાય. મન અને ચક્ષુઈન્દ્રિય બંન્ને 'અપ્રાપ્યકારી'છે કારણ કે વસ્તુની સાથે સંયોગ થયા વિના જ જ્ઞાન કરાવે છે. જ્યારે બાકીની ચાર ઈન્દ્રિયો 'પ્રાપ્યકારી' છે અર્થાત્ વિષયની સાથે સંયોગ થવાથી જ જ્ઞાન થાય.

(બ) પારમાર્થિક પ્રત્યક્ષ – ઈન્દ્રિયાદિની સહાયતા વગર આત્મા પોતે જ પદાર્થને સ્પષ્ટપણે જાણે તેને 'પારમાર્થિક પ્રત્યક્ષ' કહેવાય છે. આના બે પ્રભેદ છે.

(૧) વિકલ પારમાર્થિક પ્રત્યક્ષ : આત્મા માત્રથી જ રૂપી પદાર્થને સ્પષ્ટપણે જાણે તે –અવધિજ્ઞાન અને મન: પર્યવજ્ઞાન

(૨) સકલ પારમાર્થિક પ્રત્યક્ષ : આત્મા પોતે જ, સર્વ ક્ષેત્રકાળવર્તી સર્વ દ્રવ્ય–ગુણ–પર્યાય એક જ સમયે સ્પષ્ટપણે જાણે તે –કેવળજ્ઞાન

સર્વ જ્ઞાનાય શ્રવતુ

(૨) <u>અનુમાન પ્રમાણ :</u> પ્રત્યક્ષ સાધનથી અપ્રત્યક્ષ સાધ્યના જ્ઞાનને 'અનુમાન' કહે છે. જેમ કે ધુમાડો દેખવાથી થતું અગ્નિનું જ્ઞાન. તેના બે ભેદ છે.

(અ) સ્વાર્થાનુમાન– સ્વયં સાધન દ્વારા જ સાધનનું જ્ઞાન કરવું.

(બ) પરાર્થાનુમાન–બીજા સાધનથી સાધ્યનું જ્ઞાન કરાવવા માટે જે વચન બોલવામાં આવે તેને 'પરાર્થાનુમાન' કહેવાય છે.

(3) <u>આગમ પ્રમાણ :</u> 'આપ્ત પુરુષો' (જે વસ્તુ જેવી હોય તેવી જ જાણે અને જેવી જાણે તેવી જ કહે અર્થાત્ જેનું વચન પ્રમાણથી અબાધિત હોય) અને પરમમાન્ય મહર્ષિઓના વચનથી ઉત્પન્ન થતા જ્ઞાનને 'આગમ પ્રમાણ' કહેવાય છે. તેના ત્રણ પ્રકાર છે. (અ) સુત્રાગમ (બ) અર્થાગમ (ક) પદુભયાગમ

(૪) <u>ઉપમાન પ્રમાણ :</u> જેના દ્વારા સદૃશતાથી ઉપમેય પદાર્થોનું જ્ઞાન થાય જેમ કે 'ગવય' ગાયની સમાન હોય છે. અથવા કોઈ પ્રસિદ્ધ અને જ્ઞાત વસ્તુને અપ્રસિદ્ધ તથા અજ્ઞાત વસ્તુની ઉપમા આપવી. તે ઉપમાન પ્રમાણ, ઉપમાન પ્રમાણમાં ચાર ભેદ છે.

(અ) સત્‌ને સત્‌ની ઉપમા – જેમ કે તીર્થંકરના વક્ષસ્થલ (છાતી)ને દરવાજાની ઉપમા આપવી.

(બ) સત્‌ને અસત્‌ની ઉપમા – જેમ કે વિદ્યમાન નારકી, દેવ આદિના આયુષ્ય પલ્યોપમ – સાગરોપમ પ્રમાણ છે. –તેને અવિદ્યમાન યોજન પ્રમાણ કૂવાની ઉપમા આપવી.

(ક) અસત્ ને સત્‌ની ઉપમા – જે અવસ્થા નષ્ટ થઈ ચૂકી છે તેને વિદ્યમાન વસ્તુની ઉપમા આપવી. જેમ કે નીચે પડી ગયેલા પીપળાના પાકા પાંદડાં નવી ઊગતી કુંપળને કહે છે. – 'મુજ વીતી તુજ વીતશે. ધીરી બાપલિયા' આ પાંદડાંઓનો પરસ્પર કાલ્પનિક વાર્તાલાપ તે સત્‌ને અસત્‌ની ઉપમા.

(ખ) અસત્‌ને અસત્‌ની ઉપમા – જેમ કે ગધેડાંનાં શીંગડાં આકાશના ફૂલ જેવા છે; આ પ્રાણી વંધ્યા છે.

આ રીતે, અનેકાંતના વિભિન્ન અંગો નય, સપ્તભંગી, નિક્ષેપ અને પ્રમાણથી યુક્ત સ્યાદ્‌વાદને સમજી સમ્યક્‌રૂપથી અનેકાંતનો ઉપયોગ કરીને જીવન ઉન્નત બનાવવું તે જ મુમુક્ષુનું પરમ કર્તવ્ય છે.

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु

# વાદ-વિખવાદનો અંત (પાંચ સમવાય)

લોકોમાં પ્રારબ્ધ અને પુરુષાર્થ અંગે ઘણી ચર્ચા થાય છે. કોઈ પુરુષાર્થને જ સર્વેસર્વા કહે છે ત્યારે કોઈ પ્રારબ્ધને જ પ્રધાન ગણે છે... તો કોઈ એકાંત નિયતિ (ભવિતવ્યતા) ઉપર જ ભાર મૂકે છે. જૈન દર્શન જે અનેકાંતને સ્વીકારે છે તે પાંચે સમવાયનું સ્વરૂપ બતાવીને તે પાંચે કારણ પરસ્પર સંકળાયેલ છે તેમ સિદ્ધ કરે છે. પાંચ સમવાયનાં નામ આ પ્રમાણે છે.

(૧) કાળ, (૨) સ્વભાવ, (૩) પ્રારબ્ધ (નસીબ), (૪) નિયતિ, (૫) પુરુષાર્થ

(૧) કાળ : કાળવાદીઓ માત્ર કાળને જ કાર્યનું એક માત્ર કારણ માનીને તેને મહાબળી માને છે. દરેક વસ્તુ તેના સમયે જ ઉત્પન્ન થય છે અને તેના સમયે જ નાશ પામે છે. ગર્ભમાં બાળકની ઉત્પત્તિ અને નવમાસ પસાર થતો જન્મ; દૂધમાંથી દહીં, બીજમાંથી વૃક્ષ વગેરે તેના કાળે જ થાય. ૬૩ શલાકા પુરુષો યોગ્ય કાળે જ જન્મે છે. બચપણ, યુવાની, વૃદ્ધાવસ્થા અને સ્ત્રીઓને માસિકસ્રાવ કાળના જ વિપાક છે. સૂર્ય-ચંદ્ર વગેરે કાળે જ ઊગે છે અને આથમે છે. કર્મને ઉદયમાં લાવીને ફળ આપનાર આ 'કાળ' છે. દવા ખાધી પણ રોગ સમય જતાં જ મટે છે. જડ-ચેતન બધાં દ્રવ્યો ઉપર કાળની સત્તા દેખાય છે. કાળ જ બધુ ઉત્પન્ન કરે છે અને કાળ જ તેનો સંહાર કરે છે. સંયોગ-વિયોગ પણ કાળ પાક્યા વિના મોક્ષ પણ પ્રાપ્ત થતો નથી. આ રીતે કાળવાદીઓ કાળને જ મુખ્યરૂપે કાર્યનું સંચાલન કરનાર માને છે. માટે કાળ જ કર્તા છે અને કાર્ય સિદ્ધિ કરે છે.

(૨) સ્વભાવ : સ્વભાવવાદી કહે છે કે કાળ તો માત્ર ઔપચારિક છે. ખરેખર તેનાથી કાંઈ બનતું નથી પણ વસ્તુનો તે તે પ્રકારનો સ્વભાવ છે, માટે જ કાર્ય થાય છે. ગોટલામાંથી લીમડાનું ઝાડ થાય નહિ, ઉનાળામાં ઠંડી પડતી નથી, પાપનું ફળ સુખ હોઈ શકે નહિ, માછલી પાણીમાં તરે અને પક્ષીઓ આકાશમાં ઊડે, પશુપંખીઓ જન્મથી જ બોલે-ચાલે, પાણી પીવાથી તૃષાશાંતિ થાય, શેરડીમાં મીઠાશ અને મરચામાં તીખાશ છે., ચંદ્રમાંથી શીતળતા ઝરે તેમજ સૂર્યમાંથી તાપ જ નીકળે. ગમે તે કરો પણ ભવ્ય જીવો જ મોક્ષે જઈ શકે છે. અભવિ જઈ શકતા નથી. માટે સ્વભાવવાદી બાંગ પૂકારે છે કે જે વસ્તુનો જે સ્વભાવ હોય તે પ્રમાણે જ કાર્ય થાય છે. તેમાં કોઈનો પુરુષાર્થ કાઈ કરી દેતો નથી, ત્યાં કાળની કોઈ સત્તા ચાલતી નથી. આ રીતે દરેક કાર્યનું કારણ 'સ્વભાવ' જ છે.

(૩) પ્રારબ્ધ (નસીબ) : કર્મવાદી ઉપરનાં બન્ને મતોને અસ્વીકાર્ય ગણે છે. તેઓ કહે છે કે જગતમાં હરકોઈ જીવને પોતાનો કરેલ કર્મ પ્રમાણે જ બધું બને છે અરે! કાળને નિયમિત કરવાવાળાં તથા સ્વભાવને બનાવવાવાળા 'કર્મ (પ્રારબ્ધ)' છે. લલાટે લખાયું હોય તે પ્રમાણે થાય. આ જગતમાં જે કાંઈ વિચિત્રતા, વૈવિધ્યતા અને વિષમતા દેખાય છે - એક તવંગર અને એક ગરીબ; એક શેઠ, એક ચાકર, એક રાજા, એક રંગ, એક રૂપાળો, એક કૂબડો આદિ બધું કર્મને આભારી છે. કર્મથી જ ઋષભદેવ સ્વામીને એક વર્ષ પર્યંત આહાર ન મળ્યો અને કર્મથી જ મહાવીરસ્વામીના કાનમાં ખીલા ઠોકાયા - 'કરમને ન હોય શરમ' જન્મ-મરણ પણ કર્મને આભારી છે. આ રીતે કર્મ જ બળવાન છે. તેમ કર્મવાદી (પ્રારબ્ધવાદી) માને છે.

(૪) નિયતિ (ભવિતવ્યતા) : જે જેમ બનવાનું હોય તેમ તે બને છે અને નથી બનવાનું તે નથી બનતું. જો નિયતિ અનુકૂળ હોય તો વગર ચિંતવ્યે કાર્ય થઈ જાય છે. અને ગમે તે ધમપછાડા કરો તોપણ બનનાર વાત મિથ્યા થતી નથી. સૂર્ય પશ્ચિમમાં ઊગે, મેરુ કદાચ ચલાયમાન થાય, પથ્થરની શિલા ઉપર કદાચ કમળ ઊગે પણ ભવિતવ્યતામાં કાંઈ ફેરફાર થાય નહિં. આંબામાં ઘણો મોર આવે પણ તેમાંથી બધાં જ ફળો થતાં નથી, શ્રી કૃષ્ણ વાસુદેવ જાણતા હતા કે દ્વારકા બળી જશે અને લાખ પ્રયત્ન કરવા છતાં આંખ સામે જ બળી ગઈ, અવ્યવહાર રાશિમાંથી આ જ જીવ કેમ નીકળ્યો... આ બધાનો જવાબ છે – 'જેવી ભવિતવ્યતા'. કાળ, સ્વભાવ, કર્મ બધું જ બદલાઈ જાય છે પણ નિયતિ તો અટળ, અચળ રહે છે. આ રીતે ભવિતવ્યતા જ કાર્યનું અનિવાર્ય કારણ છે.

(૫) પુરુષાર્થ : ઉદ્યમવાદીઓ સર્વ કાર્યનો કારણરૂપ ઉદ્યમ યાને પુરુષાર્થ (પુરૂષાકાર પરાક્રમ)નો જ સ્વીકાર કરે છે. પુરુષાર્થથી જ વિદ્યાકળા આદિ પ્રાપ્ત થાય છે. પોપટ પુરુષાર્થથી જ બોલતાં શીખે છે. મધમાખીઓ મધ, કરોળિયાઓ જાળાં તથા પક્ષીઓ માળા પણ ઉદ્યમથી જ બનાવે છે. લોટ, પાણી અગ્નિ આદિ સર્વ સામગ્રી હોવા છતાં પુરુષાર્થ વિના રોટલી બને નહિં. પુરુષાર્થની વિશેષતા એ છે કે કર્મની શક્તિ જો જીવને સંસારમાં પરિભ્રમણ કરાવે છે તો આત્માની શક્તિ એટલે આત્માએ કરેલું સમ્યક્ પરાક્રમ કર્મશક્તિને તોડીને, કર્મનો પૂર્ણક્ષય કરીને પરમ પદ પમાડી શકે છે.

ઉપાસકદશાંગસૂત્રના છઠ્ઠા અધ્યયનમાં કુંડકૌલિક શ્રાવક તથા દેવના સંવાદનો ઉલ્લેખ છે. દેવે કુંડકૌલિકને કહ્યું કે "બધા પદાર્થો અને કાર્યો ભવિતવ્યતા પ્રમાણે જ થાય છે... મનુષ્યનું ધાર્યું કે ઈચ્છયું કાંઈ પણ થતું નથી. આ સિદ્ધાંત ગોશાલકનો છે અને તે જ સત્ય છે. તમારા મહાવીર સ્વામીનો ઉત્થાન – કર્મ – બલ–વીર્ય – પુરુષાર્થ પરાક્રમનો સિદ્ધાંત ખોટો છે." કુંડકૌલિકે દેવને જવાબ આપ્યો કે જો બધા પદાર્થ નિયતિ અનુસાર જ થતા હોય તો તને મળેલી આ દૈવિક, ઋદ્ધિ, સંપત્તિ, દિવ્ય શક્તિ તે પુરુષાર્થ વિના એમ ને એમ મળી ગઈ? જો એમને એમ પ્રાપ્તિ થતી હોય તો જેણે શુભ કૃત્ય–પુન્ય કર્યા તેને પણ મળવી જોઈએ. પરંતુ તેમ કાંઈ જોવામાં આવતું નથી. માટે પુરુષાર્થ સ્વીકાર કરવો પડશે જ આ વચનોથી દેવ નિરુત્તર બની ગયો. આ રીતે શાસ્ત્રોમાં પણ પુરુષાર્થ પ્રતિપાદન કરેલું છે. આખરે પુરુષાર્થીનો જ વિજય થાય છે.

આ પ્રમાણે ઉપરોક્ત પાંચે સમવાય (કારણ) વચ્ચેનો વિવાદ ઘણા કાળથી ચાલી રહ્યો છે. દરેક પોતપોતાના પક્ષને પકડી રાખે છે. એટલે તે પ્રત્યેક એકાંતવાદી –મિથ્યાત્વી છે. જ્યારે જૈનદર્શન માને છે કે આ પાંચ કારણો જ્યારે સાથે ભેગાં થાય ત્યારે કાર્ય થાય છે. તેમાં કોઈ એક કારણ તે તે વખતે મુખ્યતાએ હોય તો બાકીનાં કારણ ગૌણતાએ કાર્ય કરે છે જ. વ્યવહારે એક સમવાય પ્રધાન જણાય પરંતુ નિશ્ચયથી પાંચે ભેગા થાય ત્યારે જ કાર્ય થાય છે. ઉદાહરણ રૂપે એક વિદ્યાર્થી દશમા ધોરણનો અભ્યાસ કરવાના લક્ષ્યે ભણવાની શરૂઆત કરે છે. તેને તે કક્ષાએ પહોંચવા માટે પૂર્વે ૯ વર્ષ ભણવું પડે છે. (કાળની આવશ્યકતા) કાળની સાથે અભ્યાસની રૂચિ, મનની સ્થિરતા તથા શિક્ષણ યોગ્ય 'સ્વભાવ'ની આવશ્યકતા રહે છે. હવે જો શરીરની આરોગ્યતા તથા બુદ્ધિ ન હોય તો સફળતા પ્રાપ્ત થતી નથી. તે વિશેષતા 'પૂર્વકર્મ'થી જ પ્રાપ્ત થાય છે. ઉપરોક્ત કાળ, સ્વભાવ તથા કર્મની અનુકૂળતા મેળવીને વિદ્યાર્થી પૂર્વના ૯ વર્ષોના અભ્યાસમાં 'પુરુષાર્થ' કરી દશમી કક્ષામાં પ્રવેશ કરે. હવે ખંતપૂર્વક અધ્યયન કરે, યાદ રાખે તે બધો સફળતાનો આધાર તેના પુરુષાર્થ પર છે. તે સમયે કાલાદિ ત્રણ ગૌણ બને અને પુરુષાર્થ મુખ્ય બને છે. હવે ભારે તાવ આવે, મૂર્છિત બને, અકસ્માત થાય તો કરેલા પૂર્વના અભ્યાસનું કોઈ પરિણામ ન આવે. આવા વિઘ્નો નિયતિની કૃતિ છે. આ રીતે પાંચે કારણ મુખ્ય–ગૌણરૂપે મળે ત્યારે કાર્ય થાય.